સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ધાક, ધમકી, પૂછપરછથી સૌ ડરી જાય છે,
નોંધાવ્યા વિના ફરિયાદ, નિર્દોષ મરી જાય છે
ફરી જાય છે પાણી, અપવાસ-પ્રદર્શનો પર -
ટકતું નથી પોલીસ પીઠે પાણી, સરી જાય છે..
('પોલીસ' ભૂમિકા ચર્ચામાં..)

હાઈકુ

રાજકારણ -
પકાવે સ્વ ખીચડી,
પિડીયા ચૂલે

દઇ દો તાળાં
નિવેદનીયા નેતાની
જીભ ને મોઢે..

ચિંતન

દુર્જનં સજ્જનં કર્તુ મુપાયો ન હિ ભૂતલે ।
અપાનં શતધા ધૌતં ન શ્રેષ્ઠ મિન્દ્રિયં ભવેત ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે:

'સ્વભાવ, પ્રકૃતિ, સંસ્કાર ટેવો લાખ પ્રયત્ન કરો છતાં કોઇ બદલી શકતું નથી.'

'આ સંસારમાં એવો કોઇ ઉપાય નથી, જે દ્વારા દુર્જનને સજ્જન બનાવી શકાય. (દુર્જનત્વ એ સ્વભાવ છે, પ્રકૃતિ છે - જન્મજાત પણ હોઇ શકે) ચાણક્ય અહીં સ્પષ્ટ સમજ આપવા માટે નિકૃષ્ટ ઉદાહરણ આપતાં કહે છે કે ગુદાને સેંકડો વાર ધોવા છતાં તેની ગણતરી પવિત્ર-શ્રેષ્ઠ અંગ તરીકે થઇ શકતી નથી, એ અપવિત્ર-અછૂત જ રહે છે, તેમ દુર્જન-લુચ્ચા-શઠને કદી પણ - કોઇ પણ ઉપાયે સજ્જન બનાવી શકાતો નથી.'

એક સુભાષિતમાં વાંચેલુ કે કૂતરાની પૂંછડીને વર્ષો સુધી એક સીધી સ્ટીલની નળીમાં ભરાવી રાખો છતાં વર્ષો પછી પણ એ સીધી ન થઇ જતી નથી. પ્રકૃતિ પ્રાણ સાથે જ જાય એ બદલી શકાય નહીં.

શિક્ષકો-માતાઓ બાળક સાથે ખૂબ જ માથાફોડ કરે છે પણ બાળક-વિદ્યાર્થીમાં બહુ જાજો ફર્ક પડતો નથી, આળશુ-એદી અનિયમિત એવા જ રહે છે એમની પાસે ક્રોધ કે વ્યાખ્યાન, ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું જ છે.

સુવિચાર

- વાદ-વિવાદથી કોઇએ કંઇ મેળવ્યું નથી, વિવાદમાં એ જ જીતે છે જે વિવાદમાં પડતા નથી - **હેન્રી રેકોફ**
- વાતચીત અને વાદ-વિવાદ માટે જે તે વિષયનું પૂરતું જ્ઞાન તમારી પાસે હોવું જરૂરી છે - **ચાણક્ય**
- બે વિરોધીઓના વાદ-વિવાદમાં 'તટસ્થ' રહી મધ્યસ્થી કરશો કારણ કે કાલે એ બંને એક પણ થઇ જાય - **શેખ સાદી**
- વિવાદથી દૂર રહેવું એ બુધ્ધિમાન માણસનું લક્ષણ છે - **વિલિયમ્સ જેમ્સ**
- જે માણસ નિર્ભીક રીતે, મુક્ત ચર્ચા કે વિવાદ નથી કરી શકતો એ બુધ્ધિમાન પ્રાણીની નિષ્ફળતા છે - **સ્વામી ચૈતન્ય**
- તમારી વાત સાચી હોય અને ચર્ચા કરો એ ઠીક છે પણ 'મારી જ વાત સાચી' એવું કોઇને ઠસાવવા વિવાદ ન કરાય - **સ્વામી રામદાસ**
- વિવાદથી ડરવાનું ન હોય, તમને જે સાચું લાગતું હોય તેને માટે નીડરતા પૂર્વક વિવાદ જગાડવો જરૂરી છે - **ભગવતીકુમાર શર્મા**

બોધ કથા

આટલો બધો ઉહાપોહ અને 'ફાંસી'ની ચર્ચા છતાં હજુ દુષ્કૃત્યો તો થયા જ કરે છે, માણસની માનવતા મરી પરવારી છે. રાક્ષસી-રાવણ વૃત્તિ માણસને અંધ બનાવે છે. સાચું-ખોટું વિચાર્યા વિના વાસનાને વશ થાય છે.

રાવણ જ્ઞાની હતો-પંડિત હતો, બળવંત તો હતો જ, પણ દ્રવ્ય અને સૌંદર્યનો લાલચુ હતો. સૌંદર્યની વાસનામાં એ ભાન ભૂલી જતો અને બધી જ મર્યાદાઓ ઓળંગી જતો.

શિવભક્ત હતો. શિવમંદિરે પૂજા કરી પાછો જતો હતો ત્યાં એક સૌંદર્યવાન સુંદરી શિવપૂજા માટે આવી. રાવણની નજર એના પર પડી, ઠરી. ભાન ભૂલ્યો અને તરત એને બાથમાં લીધી.

પેલી સ્ત્રી બૂમો પાડવા લાગી. અરે! વડીલ તમે આ શું કરો છો! હું તો આપના નાનાભાઇ કૂબેરના પુત્ર નલકુબેરની પત્ની રંભા છું. આપ તો મારા વડીલ છો!

રાવણ કહે, સૌંદર્યની સામે મારે કોઇ જ સંબંધ આડે આવતા નથી, 'રૂપ જોઉં અને તૂટી જ પડું'

- આને કહેવાય રાવણવૃત્તિ.. એને કોઇ કડક કાયદાનો ડર અટકાવી ન શકે!

સાચી જાગૃતિ લાવવી હશે, તો કેન્ડલ નહીં પરંતુ આત્મા પ્રજ્જવલિત કરવો પડશે, આપણું બુનિયાદી વ્યક્તિત્વ સિધ્ધાન્તનિષ્ઠ બનાવવું પડશે...

વિચાર યાત્રા
- જય ઓઝા

માં બહુત દર્દ સહ કર
બહુદ દર્દ દે કર
તુજ સે કુછ કહકર મૈં આજ જા રહી હૂં
આજ મેરી વિધી મે જબ સખીયાં મીલને આયેંગી
સફેદ જોડે મેં લીપટી દેખ, સિસક-સસક જાયેગી
લડકી હોને કા દુખ પર ફીર વો અફસોસ જતાયેગી
માં તુમ ઉન સે ઇતના કહ દેના દરિંદો કી દુનિયા મેં
સંભલ કર રહેના...
માં, રાખી પર જબ ભૈયા કી કલાઇ સુની રહ જાયેગી
યાદ જબ કર - કર કે ઉનકી આંખ ભર આયેગી
તિલક માથે પર કરને કો, માં... રૂહ મેરી ભી મચલ જાયેગી
માં તુ ભૈયા કો રોને ન દેના
મૈં સાથ હૂં હર પલ ઉનસે કહ દેના...
માં, પાપા ભી છુપ-છુપ બહુત રોયેંગે...
મૈં કુછ ન કર પાયા કહ કે ખુદ કો ખૂબ કોસેંગે...
માં દર્દ ઉન્હે યે હોને ન દેના
ઇલ્ઝામ કોઇ લેને ન દેના...
પાપા તો અભિમાન હૈ મેરા ઔર સમ્માન હૈ મેરા
તું ઇનતા કહ દેના...
મા તેરે લીયે અબ કયાં કહું
દર્દ કો તેરે શબ્દો મેં કૈસે બાંધુ...
ફિર સે જીને કા મૌકા કૈસે માંગુ
માં લોગ તુજે સતાયેંગે...
મુઝે આઝાદી દેના કા તુજ પે ઇલ્ઝામ લગાયેંગે
માં સબ સહ લેના પર યે ન કહેના...
"અગલે જનમ મોહે બિટિયા ન દેના..."

- **અમિતાભ બચ્ચન**

માં, સબ સહ લેતા પર યહ ન કહેના 'અગલે જનમ મોહે બિટિયાં ન દેના...'

દિલ્હી ગેંગ રેપની નિર્ભયા નારી માટે હરિવંશરાય બચ્ચના સુપુત્ર અને સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની આ શ્રધ્ધાંજલી તેમણએ ટ્વીટર પર મૂકી હતી..

ઋષિ મુનિઓની પાવન વેદ ઋચાઓની નિશ્રયામાં ઉછરતું આપણું પુણ્ય ભારત... સદીઓથી સંસ્કૃતિના જનતને જ કર્તવ્ય માનીને માતૃભૂમિની સંસ્કારિતાના ઉજ્જવળ વારસાને સાચવવા માટે સપૂતોએ પ્રાણોની આહૂતિ આપીને સંસ્કૃતિને રક્ષી છે...

હા! મહાભારત કાળમાં દ્રૌપદીના ચીરહરણનો લાંછન લગાવતો કાળી ટીલડી સમાન એક દુર્ઘટના બની ગઇ હતી... એ સમયે એ બનાવ ભારત વર્ષની રાજધાની હસ્તિનાપુરમાં બન્યો હતો, આજે પણ એ બનાવ દેશની રાજધાની દિલ્હીમાં જ બન્યો છે... તે સમયે રાજભવનમાં અંધ ધૃતરાષ્ટ્ર અને આંખે પટ્ટી બાંધેલી ગાંધારી હતી... આજે પણ દિલ્હીના રાજભવનમાં આંધળા ધૃતરાષ્ટ્રો અને બધું જોવા છતાં ન જોયું કરવા વાળી ગાંધારીઓ દૃષ્ટિગોચર થાય છે.

તે સમયે ભારતવર્ષની લાજ બચાવનારા શ્રી કૃષ્ણ હતા... પરંતુ આજે...!!

દિલ્હી ગેંગરેપ વિશે છાપા ભરી ભરીને ઢગલા બંધ લેખ અને તેની ચર્ચા અત્યારે ટી.વી. ચેનલ પર ૨૪ કલાક આવે રાખે છે... દુર્ઘટના બની ગયા પછી ચાર ખુરશી પર કોફી પીતા - પીતા બંધ ચેમ્બરમાં ચર્ચા કરવાની આપણા દેશની આદત બની ગઇ છે... ચર્ચાઓ અને વાતોના વડા કરી કરીને આપણે આપણો રાજધર્મ નિભાવે રાખીએ છીએ...

જો કે છેલ્લા ઘણ સમયથી ભારતના તમામ વર્ગનાં લોકો પૂરજોશમાં રસ્તા પર આવી જાય છે... અણ્ણાનું આંદોલન હોય કે દિલ્હી ગેંગરેપનો બનાવ... સિસ્ટમની ખામીઓને કારણે દરેક ભારતીય ગૂંગળામણ અનુભવે છે... લોકજાગૃતિ થવી ઘણી સારી વાત છે... એ પછી ગુજરાતમાં તોતિંગ મતદાન પ્રતિશતના રૂપમાં હોય કે પછી જંતરમંતર ઉપર માનવ મહેરામણ ઉમટવાની વાત હોય...

પરંત સાથે સાથે આ ભીડ એક મનોવૈજ્ઞાનિક પ્રશ્ન પણ આપણી સમક્ષ ખડો કરી દે છે...

હમણાં બે દિવસ પહેલાં એક ન્યૂઝ ચેનલ પર દામિની (બળાત્કારનો ભોગ બનનાર યુવતી) ના મિત્રનો ઇન્ટરવ્યુ આવતો હતો, વાતચીત દરમિયાન તેણે કહ્યું કે, અમે ૪૦-૪૫ મિનિટ સુધી કઢંગી હાલતમાં જાહેર રોડ પર પડ્યા રહ્યા પરંતુ કોઇ આમ જનતાએ અમને સહાય કરી નહીં... પોલીસ પણ હદ નિશ્ચિત કરવામાં સમય બગાડતી રહી... આપણે પોલીસની વાત નથી કરવી... પોલીસ એ પબ્લિક સર્વન્ટ છે...

પરંતુ પબ્લિક પોતે ખરેખર કયા પરિપ્રેક્ષ્યમાં સમગ્ર ઘટનાને મૂલવે છે, તે સમજવાની જરૂર છે.

તે પીડિતાને જે તે સમયે કોઇ માઇના લાલ મદદ ન કરી એ જ ભારતીય નાગરિક બે દિવસ પછી જંતરમંતર પર કેન્ડલ લઇને પહોંચ્યો હોય તો નવાઇ નહીં...

વસ્તુતઃ એક કડવી હકીકત એ છે આપણે મીંઢા છીએ... કાળા નાણાંની ચળવળ મુદ્દે ઢગલાબંધ **SMS** કરીને કે યાત્રાઓની અંદર જૂલૂસમાં સ્ટાર્ચ કરેલી ખાદીની કફની સામે નારા પોકારનાર ઢોંગી મહાશય ૨૦૧૨-૨૦૧૩ ના નાણાંકીય વર્ષમાં ટેક્સ ભરવાથી બચવા માટે **C.A.** ને ખોભે ખોભે પૈસા આપે છે.

પોતાની દીકરી ઘરમાં જિન્સ-ટીશર્ટ પહેરીને ફરતી હોય તો વાંધો નહીં... પરંતુ દીકીર જેવી વહુ તો સાડીમાં જ શોભવી જોઇએ... આવી **orthodox** માનસિકતાના આપણે હજી શિકાર છીએ...

મૂળ મુદ્દો કેન્ડલયાત્રા કાઢીને દામિનીને ન્યાય અપાવવા પૂરતો મર્યાદિત નથી... મુદ્દો એ છે કે શું આપણી જાગૃતિ સિઝનલ તો નથી રહેવાની ને!

આખો દેશ જે રીતે આ મુદ્દા માટે રસ્તા પર આવી ગયો તે જોઇને આનંદ તો થાય છે પરંતુ સાથે-સાથે ડર પણ લાગે છે કે, લોકો ટોળાશાહીના શિકાર તો નથી બની રહ્યાં ને! એક પ્રોપેકેન્ડા શો બિઝનેશ ખાતર તો દેખાડો નથી કરતા ને!

ચાલો માન્યુ કે આવો નકારાત્મક અભિગમ ન દાખવવો જોઇએ... અને ખરેખર ખુશ થવું જોઇએ કે લોકોમાં અવેરનેશ આવી રહી છે...

જો લોકો ખરેખર જાગી ગયા હોય અને સ્વયંભૂ અનશન કરતા હોય તો પણ એક ખતરાની ઘંટી છે...

અણ્ણાના આંદોલનને આખા દેશે પોતીકું બનાવી દીધું અને જબરજસ્ત રિસ્પોન્સ આપ્યો... પરંતુ તેનું શું થયું... લોકાયુક્ત નો મુદ્દો હજી "જૈસે થૈ" છે... અરવિંદ કેજરીવાલની પ્રામાણિકતા પર ખુદ અણ્ણા પ્રશ્ન ઉઠાવે છે... તો અણ્ણા સ્વયં પણ 'અભી - બોલા અભી ફોક' પ્રમાણે સ્ટેટમેન્ટ બદલતા રહે છે... મહાત્મા ગાંધી જેવા વ્યક્તિ સાથે જેને એક વખત સરખાવી દેવામાં આવ્યા હતા તે આજકાલ રાલેગણ સિધ્ધિ સિવાય ક્યાંક ઓળખાતા નથી...

દામિનીનાં કેસમાં પણ જોવા જઇએ તો લોક-પ્રતિસાદ જબરદસ્ત સાંપડ્યો છે... પરંતુ હજી દોષિતને ફાંસીની સજાની દરખાસ્તની વાત હવામાં જ છે...

જો આવું ને આવું ચાલતું રહેશે તો જુસ્સાનો જે ઊભરો જનમાનસમા દેખાય છે તે શમી જશે... પરિણામસૂચક પગલાં ન ભરાતા હોવાથી નક્કર રિઝલ્ટ ન મળવાથી, લોકો નિરાશ થઇ જશે... અને તે વસ્તુ આફટર ઑલ આપણને જ નુકશાન કરશે...

સાચી જાગૃતિ લાવવી હશે, તો કેન્ડલ નહીં પરંતુ આત્મા પ્રજ્જવલિત કરવો પડશે, આપણું બુનિયાદી વ્યક્તિત્વ સિધ્ધાન્તનિષ્ઠ બનાવવું પડશે... જંતરમંતર પર નારા લગાવવા કરતા ઘર આંગણે ટેલિફોન બિલની લાઇનમાં વચ્ચે આવી જનાર વ્યક્તિ માટે નારો લગાવવાની આદત પાડીએ...

જે તિરંગાને ટોળાની અંદર વટથી લહેરાવતા લહેરાવતા આપણા હાથ નથી દુખતા એ તિરંગો જયારે વર્ષમાં બે દિવસ ૧૫મી ઑગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ જાહેર સ્થળે ફરકે છે ત્યારે એટલીસ્ટ ત્યા સલામી આપી રાષ્ટ્રગાન ગાવા જઇએ... યાદ છે ને! ... "કોઇ ભી દેશ પરફેક્ટ નહીં હોતા ઉસે બનાના પડતા હૈ..."

Choice is Yors sorry Ours.

આખો દેશ જે રીતે આ મુદ્દા માટે રસ્તા પર આવી ગયો તે જોઇને આનંદ તો થાય છે પરંતુ સાથે-સાથે ડર પણ લાગે છે કે, લોકો ટોળાશાહીના શિકાર તો નથી બની રહ્યાં ને! એક પ્રોપેકેન્ડા શો બિઝનેશ ખાતર તો દેખાડો નથી કરતા ને!

ધર્મ અને પ્રકૃતિએ નખશિખ શિક્ષક જીવ એવા અમીન દંપતિએ પુસ્તકોની પરબ માંડી છે

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

દિવાળી પસાર થઇ ગઇ, નૂતન વર્ષે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા આસરાણા કેન્દ્રવર્તી શાળામાંથી મને અભિનંદન આપતો પત્ર આવ્યો હતો. મેં રસિકભાઇને ફોન કર્યો. સ્વખર્ચે પુસ્તકો ખરીદી રસજ્ઞ ભાવકોને પહોંચાડતા એક પુસ્તક પ્રેમી મિત્ર સાથે મિત્રતા બંધાઇ. પછી તો આજ પર્યંત રૂબરૂ અને ફોન પર મળવાનું થતું રહે છે. પોતે ઘસાઇને ઉજળા કરી બતાવનાર આ યુવાનનો જન્મ તા. ૦૪-૧૨-૧૯૮૦ ના રોજ કોલીખડ મુકામે થયો હતો. પિતા ધુળાભાઇ અને માતા મોંઘીબહેનના આ સપૂતનું વતન સાબરકાંઠા જિલ્લાનાં મોડાસા તાલુકાનું કોલીખંડ ગામ, અભ્યાસમાં ધોરણ-૧૨ પછી સી.પી.એડ્. કરી ચૂકેલા શ્રી રસિકભાઇ મદદનીશ શિક્ષક પદે ફરજ બજાવી રહ્યાં છે. ગમતાનો ગુલાલ કરતા રહેવામાં મગ્ન રહેતા આ યુવાન સીધા-સાદા, સરળ હસમુખા અને વળી, ઉમદા વ્યક્તિત્વના ધની, કર્મે, ધર્મે અને મર્મે શિક્ષક શ્રી રસિકભાઇ આઠ વર્ષથી જ્ઞાનની પરબ લઇ પલાંઠીવાળીને બેઠા છે. હસતાં હસતાં કહે છે કે, "મને પુસ્તકો બહુ જ ગમે છે અને જે ગમે છે એનો હું ગુલાલ કરૂં છું. હું સૌને આપીને આનંદ મેળવું છું. આપ વાંચીને આનંદ મેળવજો."

પુસ્તક પ્રેમી શ્રી રસિકભાઇએ મને પણ પુસ્તિકા, પુસ્તકો મોકલ્યા છે. તેનો હું સાક્ષી છું. આવા ઉમદા કાર્યમાં તેમના ધર્મપત્ની હીનાબહેન જોડાઇને પ્રસન્નતા સાથે મદદ કરે છે.

મનોવૈજ્ઞાનિક રીતે વાત કરીએ તો એક સારો વિચાર અનેક સારા વિચારો, પરિણામ આપે છે.

વર્ષના ૩૬૫ દિવસો માટે ચૂંટેલા ૩૬૫ સુવિચારોનું સંકલન 'નોળવેલ' પુસ્તક સ્વરૂપે સુંદર રીતે અવતર્યું છે. આવું ભગીરથ કાર્ય કરનાર શ્રી રસિકભાઇ અને હીનાબહેનને અભિનંદન. ધર્મ અને પ્રકૃતિએ નખશિખ શિક્ષક જીવ એવા અમીન દંપતિએ પુસ્તકોની પરબ માંડી છે. એમની પુસ્તક પ્રીતિને મા શારદાના અહર્નિશ આશિષ પ્રાપ્ત થતા રહે. તેવી પ્રાર્થના તો હોય જ. પણ એમના શિક્ષકત્વને લાખો સલામ છે. 'નોળવેલ' પુસ્તકનું જ સુવાક્ય અહીં ઉતારૂં.

પુસ્તક રસિક, ઋજુ હૃદયના શિક્ષણજન ગમતાનો ગુલાલ કરતા શ્રી રસિકભાઇ અમીન

તમે કોઇનું ગમે તેટલું ભલું કર્યું હોય - ભૂલી જાવો,
તમારૂં કોઇએ ગમે તેટલું અહિત કર્યું હોય ભૂલી જાઓ.
- પ્લેટો

શૈક્ષણિક સામયિક 'બાળ વિચાર', 'વિદ્યા સૃષ્ટિ' અને અનેક લેખક, શિક્ષક રત્નાકર નાંગરના 'બાળ સમાચાર' સાથે અંતઃકરણથી જોડાયેલા રસિકભાઇ પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે પ્રતિવર્ષ અપાતા ચિત્રકૂટ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ કાર્યમાં નિઃસ્વાર્થ તન,મન, ધનથી ખડે પગે ઊભા રહે છે. અરિહંત પ્રકાશન, ભાવનગર દ્વારા આગામી વર્ષ ૨૦૧૩માં બૃહદ્ગ્રંથ - પ્રજ્ઞા પ્રતિભાને કીર્તિ કલશ પ્રગટ થશે. આ ગ્રંથમાં શિક્ષકોને ઉજાગર કરવા, પરિચયો મેળવવા માટે રસિકભાઇ એ'સી પત્રિકાઓ છપાવી શિક્ષકોને પોતાના ખર્ચે મોકલી બિલકુલ નિઃસ્પૃહી કાર્ય કર્યું છે. કેમ ભૂલાય છે? શ્રી રસિકભાઇ ઉમદા ચિંતક પણ છે.

- હું ભલે કોડિયું નાનું, મારે આતમનું અજવાળશુ.
- કાદવમાં જ નમવું એ કિસ્મત છે, પણ કમળ બનવું એ કળા છે.
- ચંદ્ર અને ચાંદની કરતાં પણ સજ્જનોની સંગતી વિશેષ શીતળ હોય છે.

પ્રતિભા સંપન્ન ખરા હૃદયના માણસ શ્રી રસિકભાઇ વધુને વધુ સમય પુસ્તકો, બાળકો અને સજ્જનો વચ્ચે રહે અને ગુલાલ ઉડાડે તેવી શુભેચ્છાઓ.

તેમનો મો. નં. છે : ૯૮૨૪૫૮૭૯૪૧

આજના દિવસનો મહિમા
- **ભાનુપ્રસાદ એસ. દવે**

૮મી જાન્યુઆરી

- હવા વગરની જમીન મળે તો મરઘીનું પીછું અને ઇંડુ તથા સો રતલનો ગોળો એક સાથે જ પડતાં દેખાડું તેવું કહેનારા ગેલેલિયો ગેલિલીની પુણ્યતિથિ. ૨૧ જેટલાં વૈજ્ઞાનિકો શોધોના ગ્રંથો લખનારા, ખ્યાતનામ વૈજ્ઞાનિકે ૮-૧-૧૬૪૨માં જગતને અલવિદા કરી.
- વિસ્તૃત સામ્રાજ્ય પર સત્તા ભોગવનાર મહારાણી વિક્ટોરીયા ૬૩ વરસ લાંબામાં લાંબુ શાસન.
- ૧૯૬૪ - રોબિન્સ કુઝા - પોતાની બીજી વારની સાહસ સપરીનો પ્રારંભ કર્યો.
- ૧૮૩૦ - રાજા રામમોહનરાય બ્રહ્મોસમાજની સ્થાપના કરી.
- ૧૮૬૫ - લાલા લજપતરાયનો જન્મદિન.

- ૧૮૮૪ - બ્રહ્મો સમાજના સ્થાપક પૈકીનાં એક કેશવચંદ્ર સેનનું અવસાન.
- ૧૯૪૬ - પ્રસિદ્ધ કવિ નાનાલાલનું અવસાન.

ડૉ. કેશવલાલ સ્વરૂપચંદ મહેતાનાં રૂવાડાં ઊભા થઈ ગયાં, જાણે એ પ્રસંગ ગણતરીના કલાકો પહેલાં જ ન બન્યો હોય! એમની વૃધ્ધ આંખો સામે એ ચાળીસ વરસ પહેલાંનો પોષ મહિનો તાદૃશ થઈ ઊઠ્યો

વીસરાયેલા રસ્તા વાર્તા
- કેશુભાઇ દેસાઇ

ડૉ. કેશવલાલે ચાળીસ વરસ પછી ગઢવાડામાં પગ મૂક્યો હતો. ઘણું બધું નહીં, લગભગ બધેબધું બદલાઈ ગયું હતું. એમણે સતલાસણામાં દવાખાનું ખોલ્યું ત્યારે આ રોડ કેવો ઊબડખાબડ હતો! એ સિંગલ પટ્ટી રોડ હવે ગૌરવપથમાં ફેરવાઈ ગયો હતો. આજુબાજુ ઊભેલાં પેલા વર્ષો જૂના વૃક્ષો અલોપ થઈ ગયાં હતાં. જયાં ખેતરની વાડ હતી ત્યાં હવે બિલ્ડરોનાં તોતિંગ બુલડોઝર ફરી વળ્યા હતાં. શહેરોમાં હોય એવા શૉપિંગ મૉલ ફૂટી નીકળ્યા હતા. ક્યારેક મેડિકલ કે ઈજનેરી કોલેજ કયાંક અમદાવાદ- વડોદરા જેવા શહેરમાં જોવા મળતી, હવે એ છેક ગઢવાડાનાં ગામડાંમાં પહોંચી ગઈ હતી. અલબત્ત, અગાઉ ડૉકટર કે ઈજનેર થવા માટે ફકત ઊંચી મેરીટ પૂરતી ગણાતી. હવે મેરીટની જગ્યા નાણાંએ લીધી છે. 'પૈસો બોલે છે' નામના નાટકમાં તો જૂની રંગભૂમિના દેશી તરગાળા ઊંચા ઊંચા અવાજે ડાયલૉગબાજી કરતા ત્યારે ગામના પ્રતિષ્ઠિત નાગરીક તરીકે પહેલી હરોળમાં બેસીને તાળીઓ પાડેલી પણ ચાળીસ વરસ પછી પૈસાની સાચી બોલબાલા જોઈને એમની બોલતી બંધ થઈ ગઈ. ત્યારે જેને માટે સવારથી સાંજ વેગળી હતી એવા ખેડૂત અને ખેતમજૂરોની નવી પેઢી પાસે સંપત્તિના ઢગ ખડકાઈ ગયા હતા. એ બધા ખેડૂત તો ફકત સરકારી ચોપડે જ રહ્યા હતા. અત્યારે એ લોકો રોડ સાઈડની જમીનોની લે-વેચમાં પડ્યા હતા. એમની પાસે લાખો રૂપિયાની મોંઘીદાટ આયાતી કારો હતી. દરેકના હાથમાં હીરાજડિત વીંટીઓ હતી. એ લોકોએ ઠેરઠેર સ્વામિનારાયણ અને સાંઈબાબાનાં ગગનચુંબી મંદિરો બંધાવ્યા હતા. ધર્મધુરંધરો અને રાજકારણીઓ સાથે એમને ઘર જેવો સંબંધ હતો. હવે એ બધા એમની અગાઉની પેઢીઓ જેવા મુકલિસ, બિચારા કે દયાપાત્ર નહોતા રહ્યા.

ડૉ. કેશવલાલ સ્વરૂપચંદ મહેતાને એ દિવસો યાદ આવી ગયા. હિંદીની પરીક્ષાઓ આપતા ત્યારે ઈકબાલની એક કવિતા ભણેલા. આમ તો એ પાંજરે પુરાયેલા પંખીની વેદના રજૂ કરતું કાવ્ય હતું, પરંતુ અત્યારે એમને પોતાને લાગું પડતું હોય એવું લાગી રહ્યું હતું :

આતા હૈ યાદ મુજકો ગુજરા હુઆ જમાના।
વો ડાલિયાં ચમન કી વો મેરા આશિયાના॥

પોતાની દુનિયાથી કપાઈ ગયેલા પંખીની જેમ એ તરફડી રહ્યા હતા. ચાળીસ વરસનો સમયગાળો કોઈ નાનોસૂનો ન જ ગણાય- અડધી સદીમાં ફકત એક દાયકો ઓછો. એ દરમિયાન બે પેઢીઓ આરમથી બદલાઈ ગઈ હોય. ગઢવાડામાં આજે એમને ઓળખે જ કોણ? એ વખતની અગ્ર ગણ્ય વ્યક્તિઓ પૈકી મોટાભાગની એક્ઝિટ મારી ગઈ હતી. વચલી પેઢી પણ વૃદ્ધ થવા આવી હતી અથવા ઓછામાં ઓછી પચાસ-પંચાવનની વયે તો પહોંચી જ ગઈ હતી. વર્તમાન પેઢી એમણે ગઢવાડા છોડ્યું ત્યારે જન્મી પણ ન હતી. અમરત મહેતા, જે.ટી. શાહ, ચાવાળા, ડાહ્યો સોની- એ ત્રણમાં પૂનમચંદ યેવલા બીડીવાળા ભળે એટલે કહેવાતા ઉજળિયાત વરણની ચંડાળ ચોકડી બનતી. સામે રામજી મંદિરનો વહીવટ કરતી રામા જોઈતાની પટેલ કંપની ઝીંક ઝીંલવા તૈયાર રહેતી. અભણ પટેલ પેલા 'બુદ્ધિશાળી' વેપારીઓની બધી ચાલ નિષ્ફળ બનાવીને પંચાયત પર કબજો જમાવી શકતા, એ લોકશાહીની કમાલ હતી! પોતે ગામ આખાના લાડકા ડૉકટર એટલે બેઉ હરીફ જૂથોને વારાફરતી સાચવતા રહેતા. એકીસાથે દહીમાં ને દૂધમાં પગ રાખવાની કળા એમને ગઢવાડાની આવી અર્ધદગ્ધ પ્રજા પાસેથી શીખવા મળી હતી. અંદરોઅંદર લડતા ઝગડતા ગામ લોકો માટે 'દાકતર' અજાણતાં જ કાજીનો પાઠ ભજવવા લાગ્યા હતા. પરંતુ એ જ પ્રજાએ ડૉ. કેશવલાલ મહેતાએ કડવું સ્મરણ ઘૂંકી નાખી મીઠો ભૂતકાળ મમળાવવા મથી રહ્યા. આટલા લાંબા સમયગાળા પછી એ વાત ગઢવાડાના મગજમાં થોડી સંઘરાઈ રહી હશે? બહુબહુ તો એ વચલી પેઢીના ચાર ચૌદશિયા લોકોને યાદ હોય. હવે તો એ પૈકી પણ કોણ હયાત હશે, એ કોઈને પૂછીએ ત્યારે ખબર પડે. ગામ સમસ્ત પહેલો ટેલિફોન ડિસ્ટ્રિકટ બેંકની ગઢવાડા શાખાએ વસાવ્યો હતો. આખા પંથકમાં જૂના મોડલની બેજ ફોર્ડજીપો હતી. વિઝિટે જવાનું હોય ત્યારે ભવાનસંગને સંદેશો પાઠવતા. ઠાકોર કોમના ભવાનસંગને ડૉકટર 'ભવાનસિંહ' કહીને બોલવતા. જો કે એથી જીપવાળો ઠાકોર થોડો ઓઝપાતો એને પોતીની હેસિયતની ખબર હતી. એ માણસ કાળી રાતે માંદા માણસની પડતી બૂમે હાજર થઈ જતો. કદી ભાવ તાલ ન કરતો. સામા માણસના દીદાર જોઈને એ ભાડા પેટે મૂઠી વાળીને જે કંઈ આપે તે સ્વીકારી લેતો ડૉ. કેશવલાલ 'ભવાનસિંહ'ની એ ઉદારતા જોઈ અંજાઈ જતા. પોતે પણ દર્દી પ્રત્યે ઉદારતા દાખવવાનો દેખાવ કરતા. જો કે જાતના વાણિયા, એટલે મૂડી તો વસૂલ કરી જ લેતા.

તે રાતે દરબારગઢમાં બઈજી બિમાર હોવાનો સંદેશો લઈને ખુદ ભવાનસંગ જ એમને તેડવા આવ્યો હતો.

'ઠકરાણીએ મોકલ્યો છે મને.' એણે કચવાતા મને કહ્યું હતું ને વાંદરા. બઈજીને છીંક આવે તોય દાકતર બોલાવવો પડે! ઠાકોર સાહેબ દેવ થયા પછી ઠકરાણી અડધાં પડધાં આબુના બંગલે રહે છે અને હમણાં બઈજીને જિયાણે તેડ્યાં છે એટલે અહીં છે. આઝાદીની રજત જયંતી ઊજવાઈ ગયા પછી પણ રજવાડાંની માનસિકતા બદલાઈ નહોતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)